પ્રકરણ

# 8 બળ અને દબાણ (Force and Pressure)

H9SDG2


પદાર્થ કેવી રીતે ગતિ કરે છે તે ધોરણ-VIIમાં તમે શીખ્યા છો. એક પદાર્થ બીજા પદાર્થ કરતા કેટલી વધારે ઝડપથી ગતિ કરે છે તે કેવી રીતે નક્કી કરી શકાય તે તમને યાદ છે ? એકમ સમયમાં પદાર્થે કાપેલું અંતર શું દર્શાવે છે ? તમે એ પણ જાણો છો કે ગતિમાન પદાર્થ જેમ કે જમીન પર ગબડતો દડો ધીમો પડી જાય છે. ક્યારેક તે તેની ગતિની દિશા બદલી શકે છે. એવું પણ શક્ય બને કે દડો ધીમો પડે અને સાથે ગતિની દિશા પણ બદલે. શું તમે ક્યારેય વિચાર્યું છે કે શાના લીધે પદાર્થ ધીમો પડે છે કે ઝડપી ગતિ કરે છે અથવા તેની ગતિની દિશા બદલે છે ?

ચાલો, આપણે આપણા રોજબરોજના થોડા અનુભવો યાદ કરીએ. ફૂટબૉલને ગતિમાં લાવવા માટે શું કરો છો ? ગતિમાન દડાને વધારે ઝડપથી ગતિ કરાવવા માટે તમે શું કરો છો ? ગોલકીપર દડાને કઈ રીતે અટકાવે છે ? હૉકીનો ખેલાડી હૉકી સ્ટીક વડે ગતિમાન દડાને હળવેથી ફટકારી તેની ગતિની દિશા બદલે છે. બેટ્સમૅન દ્વારા ફટકારેલાં દડાને ફિલ્ડર કઈ રીતે રોકે છે (આકૃતિ 8.1) ? આ બધી પરિસ્થિતિઓમાં દડાની ગતિ વધે છે કે ઘટે છે અથવા તેની ગતિની દિશા બદલાય છે.

જ્યારે દડાને લાત મારીએ, ધક્કો મારીએ, ફેંકીએ અથવા હળવો ફટકો મારીએ ત્યારે, આપણે તેના પર બળ લગાડ્યું છે તેમ કહીએ છીએ. બળ શું છે ? જ્યારે, તે વસ્તુઓ પર લાગે છે ત્યારે તે શું કરી શકે છે ? આ પ્રકરણમાં આપણે આવા પ્રશ્નોના જવાબો મેળવીશું.

## 8.1 બળ-ધક્કો કે ખેંચાણ (Force - A Push or a Pull)

અમુક કાર્યો કરવા માટે આપણે ચૂંટવું, ખોલવું, બંધ કરવું, લાત મારવી, ફટકારવું, ઉંચકવું, હળવો ફટકો મારવો, ધક્કો મારવો કે ખેંચવું- જેવી ક્રિયાઓનો ઉપયોગ કરીએ છીએ. આ ક્રિયાઓમાંની દરેક ક્રિયા સામાન્ય રીતે પદાર્થની ગતિની સ્થિતિમાં ફેરફાર કરે છે. શું આવા બધા શબ્દો માટે કોઈ એક શબ્દ વાપરી શકાય ? ચાલો આપણે જોઈએ.




(a) (b) (c)

*આકૃતિ 8.1 : (a) ગોલ બચાવતો ગોલકીપર (b) બૉલ પર પ્રહાર કરતો હૉકીનો ખેલાડી (c) બૉલને રોકતો ખેલાડી (ફિલ્ડર)*

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પ્રવૃત્તિ 8.1

કોષ્ટક 8.1માં પદાર્થની ગતિ સાથે સંકળાયેલી સુપરિચિત પરિસ્થિતિઓના ઉદાહરણો આપેલા છે. તમે આવી પરિસ્થિતિઓ ઉમેરી શકો છો, કે બદલી શકો છો. દરેક કિસ્સામાં ધક્કો અને / અથવા ખેંચાણ કઈ ક્રિયા સામેલ છે તે ઓળખો અને તમારાં અવલોકનો નોંધો. આ માટે તમને એક મદદરૂપ ઉદાહરણ આપેલ છે.

**કોષ્ટક : 8.1 ખેંચવું (Pull) તથા ધક્કો મારવો (Push) ક્રિયા ઓળખો.**

| ક્રમ | પરિસ્થિતિનું વર્ણન | ક્રિયાઃ (ધક્કો મારવો / ખેંચવું / ચૂંટવું / ફટકારવું / ઊંચકવું / નીચે લઈ જવું / ઉડવું / લાત (કિક) મારવી / ફેંકવું / બંધ કરવું / હળવો ફટકો મારવો) | | | | ક્રિયાનું વર્ગીકરણ | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ધક્કો મારવો | ખેંચવું |
| 1. | ટેબલ પર પડેલ પુસ્તકને ગતિ કરાવવી | ધક્કો મારવો | ખેંચવું | ઊંચકવું | – | હા | ના |
| 2. | દરવાજો ખોલવો કે બંધ કરવો | | | | | | |
| 3. | કૂવામાંથી પાણી ભરેલ ડોલ ખેંચવી | | | | | | |
| 4. | પેનલ્ટી કીક મારતો ફૂટબૉલનો ખેલાડી | | | | | | |
| 5. | બેટ્સમૅન દ્વારા ફટકારાયેલ ક્રિકેટ બૉલ | | | | | | |
| 6. | સામાન ભરેલ ગાડાને ચલાવવું | | | | | | |
| 7. | ખાનું ખોલવું | | | | | | |

શું તમે નોંધ્યું કે ઉપરની દરેક ક્રિયાને ધક્કો મારવો કે ખેંચવું કે બંનેમાં વહેંચી શકાય ? આપણે આ પરથી અનુમાન લગાવી શકીએ કે વસ્તુને ગતિમાં લાવવા માટે ધક્કો મારવો પડે કે ખેંચવી પડે.

વિજ્ઞાનમાં, પદાર્થને ધક્કો મારવો કે ખેંચવો - તેને **બળ (Force)** કહે છે. આ પરથી આપણે કહી શકીએ કે બળ લગાડવાથી વસ્તુઓ ગતિમાં આવે છે. બળ ક્યારે અસ્તિત્વમાં આવે છે ? ચાલો આપણે જોઈએ.




ધોરણ - VIમાં હું શીખી હતી કે ચુંબક લોખંડના ટુકડાને પોતાની તરફ આકર્ષે છે. શું આ આકર્ષણ પણ એક ખેંચાણ છે ? બે ચુંબકના સમાન ધ્રુવો વચ્ચે થતા અપાકર્ષણ વિશે શું કહી શકાય ? શું તે ખેંચાણ કે ધક્કો છે ?




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 8.2 બળો આંતરક્રિયાને કારણે ઉદ્ભવે છે (Forces are due to an Interaction)

ધારો કે એક વ્યક્તિ સ્થિર કારની પાછળ ઊભો છે [આકૃતિ 8.2 (a)]. તે વ્યક્તિની હાજરીના કારણે કાર ગતિમાં આવશે ? ધારો કે વ્યક્તિ કારને હવે ધક્કો મારવાનું શરૂ કરે છે [આકૃતિ 8.2 (b)]. એટલે કે તે તેના પર બળ લગાડે છે. લગાડેલાં બળની દિશામાં કાર



*આકૃતિ 8.2 (a) : સ્થિર કારની પાછળ ઊભેલો એક વ્યક્તિ*



*આકૃતિ 8.2 (b) : એક વ્યક્તિ દ્વારા કારને ધક્કો મારવો*

ગતિ કરી શકે. નોંધો કે કારને ગતિમાં લાવવા માટે વ્યક્તિએ કારને ધક્કો મારવો પડે છે.




*આકૃતિ 8.3 (a) : કોણ કોને ધક્કો મારે છે ?*

તમે પરિચિત હો તેવી ત્રણ પરિસ્થિતિઓ આકૃતિ 8.3માં દર્શાવેલી છે. આ કિસ્સાઓમાં કોણ ધક્કો મારે છે, અને કોણ ખેંચે છે - તમે નક્કી કરી શકો છો ? આકૃતિ 8.3 (a) માં બંને છોકરીઓ એકબીજાને ધક્કો મારતી



*આકૃતિ 8.3 (b) : કોણ કોને ખેંચી રહ્યું છે ?*

દેખાય છે. જ્યારે આકૃતિ 8.3 (b)માં એકબીજીને ખેંચતી દેખાય છે. તે જ રીતે આકૃતિ 8.3 (c)માં વ્યક્તિ અને ગાય એકબીજાને ખેંચતા દેખાય છે. અહીં દર્શાવેલી બે



*આકૃતિ 8.3 (c) : કોણ કોને ખેંચી રહ્યું છે ?*

પરિસ્થિતિઓમાં છોકરીઓ એકબીજા પર બળ લગાડે છે. શું તે વ્યક્તિ અને ગાય માટે પણ સાચું છે ?

આ ઉદાહરણો પરથી આપણે અનુમાન લગાવી શકીએ કે, બળ લાગવા માટે ઓછામાં ઓછા બે પદાર્થો વચ્ચે આંતરક્રિયા થવી જોઈએ. આમ, એક પદાર્થની બીજા પદાર્થ સાથે થતી આંતરક્રિયા બે પદાર્થો વચ્ચેના બળમાં પરિણમે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## 8.3 બળની શરૂઆત (Exploring Forces)

ચાલો, આપણે બળ વિશે વધારે શીખવાનો પ્રયત્ન કરીએ.

### પ્રવૃત્તિ 8.2

ટેબલ કે બૉક્સ જેવી ભારે વસ્તુ પસંદ કરો, જેને તમે વધારે ધક્કો મારીને જ ગતિમાં લાવી શકો. તેને તમે એકલા ધક્કો મારવાનો પ્રયત્ન કરો. શું તમે તેને ખસેડી શકો છો ? હવે, તમારા મિત્રોમાંથી કોઈ એકને તેને તે જ દિશામાં ધક્કો મારવા માટે મદદ કરવાનું કહો [આકૃતિ 8.4 (a)]. શું હવે તે સહેલાઈથી ખસે છે ? તમે સમજાવી શકો - શા માટે ?

હવે, તે જ વસ્તુને ધક્કો મારો, પણ તમારા મિત્રને વિરુદ્ધ બાજુથી ધક્કો મારવાનું કહો [આકૃતિ 8.4 (b)]. શું વસ્તુ ખસે છે ? જો હા, તો કંઈ દિશામાં ખસે છે તે નોંધો. શું તમે અંદાજ લગાવી શકો કે, તમારા બેમાંથી કોણ વધારે બળ લગાડે છે ?




***આકૃતિ 8.4 :*** *એક ભારે વસ્તુને ધક્કો મારતા બે મિત્રો (a) એક જ દિશામાં (b) વિરુદ્ધ દિશામાં*

તમે ક્યારેય દોરડાખેંચની રમત જોઈ છે ? આ રમતમાં બે ટીમ દોરડાને વિરુદ્ધ દિશામાં ખેંચે છે (આકૃતિ 8.5). બંને ટીમના સભ્યો દોરડાંને પોત-



***આકૃતિ 8.5 :*** *જો બંને ટીમ દોરડાને સમાન બળથી ખેંચે તો દોરડું ખસતું નથી.*

પોતાની તરફ ખેંચવાનો પ્રયત્ન કરે છે. કેટલીક વાર દોરડું જરાય ખસતું નથી. શું તે આકૃતિ 8.3(b)માં દર્શાવેલી પરિસ્થિતિ જેવું જ નથી લાગતું ? જે ટીમ વધારે જોરથી ખેંચે છે, એટલે કે, વધારે બળ લગાડે તે અંતે રમત જીતી જાય છે.

આ ઉદાહરણો બળના પ્રકાર વિશે શું સૂચવે છે ?

પદાર્થ પર **એક જ દિશામાં લગાડેલ બળો એકબીજામાં ઉમેરાય છે.** હવે, યાદ કરો કે પ્રવૃત્તિ 8.2માં તમે અને તમારો મિત્ર ભારે બૉક્સને એક જ દિશામાં ધક્કો મારો છો, ત્યારે શું થાય છે ?

જો બંને બળો પદાર્થ પર વિરુદ્ધ દિશામાં લાગતા હોય, તો લાગતું પરિણામી બળ એ **બંને બળોના તફાવત જેટલું હોય છે.** પ્રવૃત્તિ 8.2 માં જ્યારે તમે અને તમારો મિત્ર ભારે બૉક્સને એકબીજાની વિરુદ્ધ દિશામાં ધક્કો મારતા હતા ત્યારે તમે શું જોયું ?

યાદ કરો કે, દોરડાંખેંચની રમતમાં બંને ટીમો દોરડાને સમાન બળથી ખેંચે છે ત્યારે, દોરડું કોઈ પણ દિશામાં ખેંચાતું નથી.

આમ, આપણે શીખ્યાં કે એક બળ બીજા કરતાં વધારે કે ઓછું અથવા એકબીજાને સમાન પણ હોઈ શકે. સામાન્ય રીતે બળની માત્રા એ એના **મૂલ્ય (magnitude)** વડે દર્શાવવામાં આવે છે. બળ કઈ દિશામાં લાગે છે, તેનો પણ આપણે ઉલ્લેખ કરવો પડે. જો બળનું મૂલ્ય કે દિશા બદલાય તો તેની અસર પણ બદલાય છે.



શું એનો અર્થ એવો થાય છે કે જો પદાર્થ પર લાગતાં બંને બળો વિરુદ્ધ દિશામાં હોય તો પદાર્થ પર લાગતું ચોખ્ખું (પરિણામી) બળ શૂન્ય હોય ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વ્યાપક રીતે, પદાર્થ પર એક કરતાં વધારે બળ લાગી શકે. જો કે, પદાર્થ પર થતી અસર તેના પર લાગતા ચોખ્ખા (પરિણામી) બળને કારણે હોય છે.


## 8.4 બળ પદાર્થની ગતિની અવસ્થા બદલી શકે છે (A Force can Change the State of Motion)

ચાલો, હવે આપણે જોઈએ કે જ્યારે પદાર્થ પર બળ લાગે છે ત્યારે શું થાય છે.

### પ્રવૃત્તિ 8.3

રબરનો એક દડો લો અને તેને ટેબલ કે કૉંક્રિટના ભોંયતળિયા જેવી સમતલ સપાટી પર મૂકો. હવે, દડાને સમતલ સપાટી પર ધીમેથી ધક્કો મારો (આકૃતિ 8.6). શું દડો ગતિની શરૂઆત કરે છે ? દડો હજુ ગતિમાં હોય ત્યારે ફરીથી ધક્કો મારો. શું તેની ઝડપમાં કોઈ ફેરફાર થાય છે ? શું તે વધે છે કે ઘટે છે ?

પછી તમારી હથેળીને ગતિમાન દડાની સામે રાખો. જેવો દડો હથેળીને સ્પર્શે કે તરત જ હથેળીને દૂર કરો. શું હથેળી દડા પર બળ લગાડે છે ? હવે, દડાની ઝડપમાં શું ફેરફાર થાય છે ? શું તે વધે છે કે ઘટે છે ? જો તમે ગતિમાન દડાની સામે હથેળી રાખો, તો શું થશે ?



*આકૃતિ 8.6 : બળ લગાડતાં જ સ્થિર સ્થિતિમાં રહેલો દડો ગતિમાં આવે છે.*

કદાચ તમને સમાન પરિસ્થિતિ યાદ હશે. ઉદાહરણ તરીકે, ફૂટબૉલની રમતમાં જ્યારે પેનલ્ટી કિક લેવામાં આવે છે ત્યારે ખેલાડી બૉલ પર બળ લગાડે છે. બૉલને ફટકારતા પહેલાં, બૉલ સ્થિર હતો અને તેથી તેની ઝડપ શૂન્ય હતી. લગાડેલ બળને કારણે બૉલ લક્ષ્ય તરફ ગતિ કરે છે. ધારો કે, ગોલકીપર ગોલ બચાવવા માટે કૂદકો મારે છે. આ રીતે ગોલકીપર ગતિમાન બૉલ પર બળ લગાડવાનો પ્રયત્ન કરે છે. લાગુ પાડેલાં બળ વડે તે બૉલને રોકી શકે છે કે ગતિની દિશા બદલી શકે છે, જેનાથી ગોલ થતાં બચી શકે છે. જો ગોલકીપર બૉલને રોકવામાં સફળ થાય, તો તેની ઝડપ ઘટીને શૂન્ય થાય છે.

આ અવલોકનો સૂચવે છે કે, બળ લગાડતા પદાર્થની ઝડપમાં ફેરફાર થઈ શકે. જો પદાર્થની ગતિની દિશામાં બળ લગાડવામાં આવે તો પદાર્થની ઝડપ વધે છે. જો ગતિની વિરુદ્ધ દિશામાં બળ લગાડવામાં આવે તો પરિણામે પદાર્થની ઝડપમાં ઘટાડો થાય છે.



મેં બાળકોને એકબીજા સાથે રબરના ટાયરને કે કોઈ રિંગને ધક્કો મારીને ચલાવવાની સ્પર્ધા કરતાં જોયા છે (આકૃતિ 8.7). હવે હું સમજી ગયો છું કે ધક્કો દેવાથી ટાયરની ઝડપ કેમ વધી જાય છે.



*આકૃતિ 8.7 : ટાયરને ઝડપથી ચલાવવા માટે તેને વારંવાર ધક્કો મારવો પડે છે.*




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પહેલી એ જાણવા આતુર છે કે પદાર્થ પર લાગુ પાડેલું બળ માત્ર પદાર્થની ઝડપમાં ફેરફાર કરે છે ? ચાલો, આપણે જોઈએ.

## પ્રવૃત્તિ 8.4

જેમ તમે પ્રવૃત્તિ 8.3માં કર્યુ હતું. તે રીતે એક દડો લો અને તેને સમતલ સપાટી પર મૂકો. તેને ધક્કો મારીને ગતિમાં લાવો [આકૃતિ 8.8(a)]. હવે ફૂટપટ્ટી લઈ તેના ગતિમાર્ગમાં આકૃતિ 8.8(b) માં દર્શાવ્યા મુજબ મૂકો. આમ કરવાથી, તમે ગતિમાન દડા પર બળ લગાડો છો. શું દડો ફૂટપટ્ટીને અથડાયા પછી તે જ દિશામાં ગતિ ચાલુ રાખશે ? પ્રવૃત્તિનું પુનરાવર્તન કરો અને ગતિમાન દડાને અવરોધવા માટે ફૂટપટ્ટીને એવી રીતે મૂકો કે જેથી, તે ગતિમાર્ગ સાથે જુદા જુદા કોણ(ખૂણા) બનાવે. દરેક કિસ્સામાં ફૂટપટ્ટીને અથડાયા પછી દડાની ગતિની દિશા અંગેના અવલોકનો નોંધો.




***આકૃતિ 8.8 :*** *કોઈ સમતલ સપાટી પર (a) દડાને ધક્કો મારીને ગતિમાં લાવવો. (b) દડાના ગતિપથમાં મૂકેલી ફૂટપટ્ટી સાથે અથડાયા પછી દડાની ગતિની દિશા.*

ચાલો, આપણે થોડા વધુ ઉદાહરણો વિચારીએ. વોલીબૉલની રમતમાં, ખેલાડીઓ અવારનવાર ગતિમાન દડાને તેમના સાથી ખેલાડીઓ તરફ ધક્કો મારીને મોકલતા હોય છે. ક્યારેક દડો ધક્કો મારીને કે ફટકો (સ્મેશ) મારીને કોર્ટની બીજી બાજુ મોકલવામાં આવે છે. ક્રિકેટમાં, બેટ્સમૅન બેટ વડે ફટકારીને દડા પર બળ લગાડે છે. શું આ કિસ્સાઓમાં દડાની ગતિની દિશામાં કોઈ ફેરફાર થાય છે ? આ બધા ઉદાહરણોમાં ગતિમાન દડા ઉપર બળ લગાડવાથી ઝડપ અને ગતિની દિશા બદલાય છે. શું તમે આ પ્રકારના બીજાં વધારે ઉદાહરણો આપી શકો ?

પદાર્થની ઝડપ કે દિશા અથવા બંને બદલાય ત્યારે પદાર્થની **ગતિની અવસ્થા (સ્થિતિ) બદલાય છે** તેમ કહેવાય. આમ, પદાર્થ પર લાગતું બળ **પદાર્થની ગતિની અવસ્થામાં ફેરફાર કરે છે.**

**ગતિની અવસ્થા**

પદાર્થની ગતિની અવસ્થા તેની ઝડપ અને ગતિની દિશા દ્વારા વર્ણવવામાં આવે છે. સ્થિર અવસ્થાને શૂન્ય ઝડપવાળી અવસ્થા ગણવામાં આવે છે. પદાર્થ સ્થિર કે ગતિમાં હોઈ શકે છે; બંને તેની ગતિની અવસ્થા કહેવાય છે.

શું આનો અર્થ એવો થાય કે બળનો ઉપયોગ હંમેશાં પદાર્થની ગતિની અવસ્થામાં ફેરફાર કરે છે ? ચાલો, આપણે શોધીએ.

આપણો સામાન્ય અનુભવ છે કે, ઘણી વખત બળને કારણે પદાર્થની ગતિની અવસ્થા બદલાતી નથી. ઉદાહરણ તરીકે, એક ભારે બૉક્સ તમારી તાકાત હોય એટલું બળ લગાડવા છતાં પણ ન ખસે. આ જ રીતે, જ્યારે તમે દીવાલને ધક્કો મારવાનો પ્રયત્ન કરો છો ત્યારે તેના પર બળની કોઈ અસર દેખાતી નથી.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 8.5 બળ પદાર્થનો આકાર બદલી શકે છે. (Force can Change the Shape of an Object)

### પ્રવૃત્તિ 8.5

કોષ્ટક 8.2 ના કૉલમ-1માં થોડી એવી પરિસ્થિતિઓ આપેલ છે. જેમાં વસ્તુઓ ગતિ કરવા માટે મુક્ત નથી. જ્યારે કોષ્ટકની કૉલમ-2 દરેક પદાર્થ પર કેવી રીતે બળ લગાડેલું છે તે સૂચવે છે. જ્યારે કૉલમ-3 ક્રિયાનો આકાર દર્શાવે છે. શક્ય હોય તેટલી વધારે પરિસ્થિતિઓમાં બળની અસરનું અવલોકન કરો. તમે આ પ્રકારની જ બીજી પરિસ્થિતિઓ તમારી આસપાસનાં ઉપલબ્ધ પદાર્થોનો ઉપયોગ કરીને ઉમેરી શકો. કોષ્ટકના કોલમ-4 અને 5માં તમારા અવલોકનો નોંધો.

**કોષ્ટક 8.2 : પદાર્થો પર બળની અસરનો અભ્યાસ**

| પરિસ્થિતિનું વર્ણન | બળ કેવી રીતે લાગે છે ? | આકૃતિ | બળની ક્રિયા | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ગતિની અવસ્થામાં ફેરફાર | | આકારમાં ફેરફાર | |
| | | | હા | ના | હા | ના |
| થાળીમાં રાખેલી લોટની કણક | હાથ વડે નીચે તરફ દબાવવાથી |  | | | | |
| સાઈકલની સીટમાં જડેલી સ્પ્રિંગ | સીટ પર બેસવાથી |  | | | | |
| દીવાલ પર જડેલી ખીંટી કે ખીલી દ્વારા લટકાવેલી રબર બેન્ડ | તેના મુક્ત છેડા પર વજન લટકાવીને કે મુક્ત છેડાને ખેંચવાથી |  | | | | |
| બે ઈંટો વચ્ચે મુકેલી પ્લાસ્ટિકની કે ધાતુની પટ્ટી | ફૂટપટ્ટીના મધ્યભાગ પર વજન મૂકવાથી |  | | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કોષ્ટક 8.2માં નોંધેલા અવલોકનો પરથી તમે શું તારણ કાઢો છો ? જ્યારે તમે પોતાની હથેળીઓની વચ્ચે એક ફૂલાવેલા ફુગ્ગાને રાખીને દબાવો છો ત્યારે, શું થાય છે ? જ્યારે બાંધેલા (ગૂંદેલા) લોટના પિંડાને વણીને રોટલી બનાવો છો ત્યારે, તેના આકારમાં શું ફેરફાર થાય છે ? જ્યારે, તમે ટેબલ પર મૂકેલા રબરના દડાને દબાવો છો ત્યારે, શું થાય છે ? આ બધા ઉદાહરણોમાં તમે જોયું કે **કોઈ પદાર્થ પર બળ લગાડવાથી તેના આકારમાં ફેરફાર થઈ શકે છે.**

ઉપરની બધી પ્રવૃત્તિઓ કરી લીધા પછી તમે સમજી ગયા હશો કે બળ :

- કોઈ પદાર્થને સ્થિર સ્થિતિમાંથી ગતિમાં લાવી શકે છે.
- જો પદાર્થ ગતિમાં હોય, તો તેની ઝડપમાં ફેરફાર કરી શકે છે.
- ગતિમાન પદાર્થની દિશામાં ફેરફાર કરી શકે છે.
- પદાર્થના આકારમાં ફેરફાર કરી શકે છે.
- આ બધામાંથી થોડી અથવા બધી જ અસરો ઉત્પન્ન કરી શકે છે.

એ યાદ રાખવું આવશ્યક છે કે બળ આ બધામાંથી એક અથવા વધારે અસર ઉત્પન્ન કરી શકે છે. તથા આ બધામાંથી કોઈપણ અસર બળ વગર ઉત્પન્ન થઈ શકતી નથી. આમ, બળ લગાડ્યા વગર કોઈ પદાર્થ આપમેળે ગતિમાં આવી શકતો નથી, આપમેળે ગતિની દિશા બદલી શકતો નથી અને આપમેળે પોતાનો આકાર બદલી શકતો નથી.


## 8.6 સંપર્ક બળ (Contact Forces)

### સ્નાયુબળ (Muscular Force)

શું તમે ટેબલ પર પડેલા પુસ્તકને સ્પર્શ કર્યા વગર ધક્કો મારી શકો છો કે ઉપાડી શકો છો ? શું પકડ્યા વગર પાણીની કોઈ ડોલને તમે ઊંચકી શકો છો ? સામાન્ય રીતે, કોઈ વસ્તુ પર બળ લગાડવા માટે, તમારા શરીરનો વસ્તુની સાથે સંપર્ક થવો જરૂરી છે. સંપર્ક કોઈ લાકડી કે દોરડા વડે પણ થઈ શકે છે. જ્યારે આપણે કોઈ વસ્તુ, જેવી કે સ્કૂલ બૅગને ધક્કો મારીએ છીએ કે પાણીની ડોલને ઊંચકીએ છીએ. ત્યારે, બળ ક્યાંથી આવે છે ? આ બળ આપણા શરીરના સ્નાયુઓ દ્વારા લાગે છે. આપણા સ્નાયુઓની ક્રિયાને લીધે લાગતા બળને **સ્નાયુબળ** કહે છે.

સ્નાયુબળ જ આપણને આપણા શરીરને વાળવા કે હલનચલન સહિતની બધી પ્રવૃત્તિઓ કરવા સક્ષમ બનાવે છે. ધોરણ-VIIમાં તમે શીખ્યા છો કે પાચનની ક્રિયામાં ખોરાક અન્નનળીમાં ધકેલાય છે. શું આ પ્રક્રિયા સ્નાયુબળ દ્વારા થાય છે ? તમે તે પણ જાણો છો કે શ્વસન પ્રક્રિયામાં, શ્વાસ અંદર લેતી વખતે અને બહાર છોડતી વખતે, ફેફસાં ફૂલે છે અને સંકોચાય છે. શ્વસનક્રિયાને શક્ય બનાવે તે સ્નાયુઓ ક્યાં આવેલા છે ? શું તમે આપણા શરીરમાં સ્નાયુઓ વડે લાગતા બળના થોડાં વધારે ઉદાહરણો આપી શકો ?

પ્રાણીઓ પણ તેમની શારિરીક ક્રિયાઓ અને બીજા કાર્યો કરવા માટે સ્નાયુબળનો ઉપયોગ કરે છે. આપણા વિવિધ કાર્યો કરવા માટે બળદ, ઘોડા, ગધેડા અને ઊંટ જેવા પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ કાર્યો કરવા માટે તેઓ સ્નાયુબળનો ઉપયોગ કરે છે (આકૃતિ 8.9).



***આકૃતિ 8.9 :*** *પ્રાણીઓનું સ્નાયુબળ ઘણા કઠિન કાર્યો કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.*



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એટલે કે, સ્નાયુબળ ત્યારે જ લાગુ પાડી શકાય છે. જ્યારે સ્નાયુઓ કોઈ પદાર્થ સાથે સંપર્કમાં હોય, આથી તેને **સંપર્કબળ (contact force)** પણ કહે છે. શું અન્ય પ્રકારના સંપર્ક બળો પણ હોય છે ? ચાલો, આપણે શોધીએ.

### ઘર્ષણ (Friction)

તમારા કેટલાક અનુભવોને યાદ કરો. જમીન પર ગબડતો દડો ધીરે - ધીરે ધીમો થઈ જાય છે અને અંતે અટકી જાય છે. સાઈકલ ચલાવતી વખતે જ્યારે આપણે પેડલ મારવાનું બંધ કરી દઈએ ત્યારે તે પણ ધીરે - ધીરે ધીમી થઈ જાય છે અને અંતે અટકી જાય છે. કોઈ કાર કે સ્કૂટરના એન્જિનને બંધ કરી દેવાથી તે પણ થોડા સમય પછી અટકી જાય છે. એવી રીતે જ હોડીને હલેસા મારવાનું બંધ કરીએ તો, તે થોડે દૂર જઈને સ્થિર થઈ જાય છે. શું, તમે આ પ્રકારના થોડા વધારે અનુભવો ઉમેરી શકો છો ?

આ બધી જ પરિસ્થિતિમાં વસ્તુઓ પર દેખીતી રીતે કોઈ બળ લાગતું નથી છતાં પણ તેમની ઝડપ ક્રમશઃ ઘટતી જાય છે અને થોડા સમય પછી તેઓ સ્થિર થઈ જાય છે. તેમની ગતિની અવસ્થા શાના કારણે બદલાય છે ? શું તેમના પર કોઈ બળ લાગતું હોય છે ? શું તમે અનુમાન લગાવી શકો છો, કે દરેક કિસ્સામાં બળ કઈ દિશામાં લાગતું હોવું જોઈએ ?

આ બધા ઉદાહરણોમાં પદાર્થની ગતિની અવસ્થામાં ફેરફારનું કારણ **ઘર્ષણબળ (Frictional force)** છે. જમીન તથા દડાની સપાટી વચ્ચે લાગતું ઘર્ષણબળ જ ગતિમાન દડાને સ્થિર સ્થિતિમાં લાવે છે. તે જ રીતે, પાણી અને હોડીની સપાટી વચ્ચેનું ઘર્ષણબળ, એક વાર હલેસા મારવાનું બંધ કરવાથી હોડીને સ્થિર કરી દે છે.

ઘર્ષણબળ હંમેશાં બધા ગતિમાન પદાર્થો પર લાગે છે અને તેની દિશા હંમેશાં પદાર્થની ગતિની વિરુદ્ધ દિશામાં હોય છે. કારણ કે, ઘર્ષણબળ બે સપાટીઓ વચ્ચે સંપર્કને લીધે ઉત્પન્ન થાય છે તેથી તે સંપર્કબળનું પણ એક ઉદાહરણ છે. આ બળ વિશે પ્રકરણ - 9માં તમે વધારે શીખશો.


કદાચ તમે એ જાણવા ઉત્સુક હશો કે શું કોઈ પદાર્થ પર બળ લગાડવા માટે હંમેશા તેની સાથે સંપર્કમાં રહેવું જરૂરી છે કે કેમ. ચાલો આપણે શોધીએ.

## 8.7 બિનસંપર્ક બળો (Non-contact Forces)

### ચુંબકીય બળ (Magnetic Force)

### પ્રવૃત્તિ 8.6

ગજિયા ચુંબકોની એક જોડ લો. આકૃતિ 8.10માં દર્શાવ્યા પ્રમાણે એક ચુંબકને ત્રણ ગોળાકાર પેન્સિલ પર અથવા લાકડાના નળાકાર (રોલર્સ) પર મૂકો. હવે, બીજા ચુંબકના એક છેડાને નળાકાર પર મૂકેલા ચુંબકના છેડા પાસે લાવો. બંને ચુંબકો એકબીજાને સ્પર્શે નહિ તેનું ધ્યાન રાખો. હવે શું થાય છે તેનું અવલોકન કરો. ત્યારબાદ ચુંબકના બીજા છેડાને નળાકાર પર રાખેલા ચુંબકના તે જ છેડા પાસે લાવો (આકૃતિ 8.10). જ્યારે પણ બીજા ચુંબકને નળાકાર પર મૂકેલા ચુંબક પાસે લાવવામાં આવે ત્યારે, તેના પર શું અસર થાય છે તે નોંધો.



***આકૃતિ 8.10 :*** *બે ચુંબકો વચ્ચે આકર્ષણ અને અપાકર્ષણનું અવલોકન કરવું.*



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બીજા ચુંબકને નજીક લાવતા શું નળાકારો પર રાખેલ ચુંબક ગતિ શરૂ કરે છે ? શું તે હંમેશાં નજીક લાવવામાં આવતા ચુંબકની દિશામાં ગતિ કરે છે ? આ અવલોકનો શું સૂચવે છે ? શું એનો અર્થ એવો થાય કે બે ચુંબકો વચ્ચે કોઈ બળ ચોક્કસ લાગતું હોવું જોઈએ ?

ધોરણ - VIમાં તમે શીખ્યા છો કે બે ચુંબકના સમાન ધ્રુવો એકબીજાને અપાકર્ષે છે અને અસમાન ધ્રુવો એકબીજાને આકર્ષે છે. બે પદાર્થો વચ્ચે લાગતા આકર્ષણ કે અપાકર્ષણને પણ ખેંચાણ કે ધક્કો મારવાના સ્વરૂપે જોઈ શકાય છે. શું ચુંબકો વચ્ચે લાગતા બળના અવલોકન માટે બે ચુંબકો વચ્ચે સંપર્ક કરાવવો જરૂરી છે ? એક ચુંબક બીજા ચુંબક પર સંપર્કમાં આવ્યા વગર પણ બળ લગાડી શકે છે. ચુંબક દ્વારા લાગતું બળ એ **અસંપર્ક (બિનસંપર્ક) બળનું** ઉદાહરણ છે.


એ જ રીતે ચુંબક દ્વારા કોઈ લોખંડના ટુકડા પર લગાડવામાં આવતું બળ પણ અસંપર્ક (બિનસંપર્ક) બળ છે.

## સ્થિત વિદ્યુતબળ (Electrostatic Force)

### પ્રવૃત્તિ 8.7

પ્લાસ્ટિકની એક સ્ટ્રો લો. તેના લગભગ બે સરખા ટુકડા કરો. એક દોરીની મદદથી એક ટુકડાને કોઈ ટેબલની ધાર પરથી લટકાવો (આકૃતિ 8.11). હવે સ્ટ્રોના બીજા ટુકડાને પોતાના હાથમાં પકડો અને તેના મુક્ત છેડાને કાગળના ટુકડા સાથે ઘસો. સ્ટ્રોના ઘસેલા છેડાને લટકાવેલ સ્ટ્રો પાસે લાવો. બે ટુકડાઓ એકબીજાને સ્પર્શે નહિ તેનું ધ્યાન રાખો. તમે શું અવલોકન કર્યું ?

હવે, લટકાવેલ સ્ટ્રોના મુક્ત છેડાને કાગળના ટુકડા સાથે ઘસો. ફરીથી, અગાઉ કાગળ સાથે ઘસેલા સ્ટ્રોના ટુકડાને લટકાવેલ સ્ટ્રોના મુક્ત છેડા પાસે લાવો. હવે તમે શું અવલોકન કરો છો ?



**આકૃતિ 8.11 :** *કાગળ સાથે ઘસેલી એક સ્ટ્રો બીજી સ્ટ્રોને આકર્ષે છે. પરંતુ લટકાવેલ સ્ટ્રોને પણ કાગળના ટુકડા સાથે ઘસવામાં આવે તો તેને અપાકર્ષે છે.*

સ્ટ્રોને કાગળના ટુકડા સાથે ઘસવાથી સ્ટ્રો સ્થિત વિદ્યુતભાર પ્રાપ્ત કરે છે, તેમ કહેવાય. આવી સ્ટ્રો એ વિદ્યુતભારિત પદાર્થનું ઉદાહરણ કહેવાય.

એક વિદ્યુતભારિત પદાર્થ વડે બીજા વિદ્યુતભારિત કે વિદ્યુતભાર રહિત પદાર્થ પર લાગતા બળને **સ્થિત વિદ્યુતબળ** કહે છે. બે પદાર્થો સંપર્કમાં ન હોય ત્યારે પણ આ બળ અસ્તિત્વમાં આવે છે. તેથી સ્થિત વિદ્યુતબળ એ અસંપર્ક બળનું અન્ય ઉદાહરણ છે. તમે પ્રકરણ 12માં વિદ્યુતભારો વિશે વધુ શીખશો.

## ગુરુત્વાકર્ષણ બળ (Gravitational Force)

તમે જાણો છો કે કોઈ સિક્કો કે પેન તમારા હાથમાંથી છટકી જાય તો તે જમીન તરફ પડે છે. વૃક્ષથી અલગ થયા પછી પાંદડાઓ અને ફળ પણ જમીન પર પડે છે. શું તમને ક્યારેય આશ્ચર્ય થયું છે કે, આવું શા માટે થાય છે ?

જ્યારે, સિક્કો તમારા હાથમાં પકડેલો હોય છે, ત્યારે તે સ્થિર અવસ્થામાં હોય છે. જેવો તેને છોડવામાં આવે કે, તે નીચે તરફ ગતિ કરવાની શરૂઆત કરે છે. તે પરથી સ્પષ્ટ છે કે સિક્કાની ગતિની અવસ્થામાં ફેરફાર થાય છે. શું તેના પર બળ લાગ્યા વગર આવું શક્ય છે ? આ કયું બળ છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પદાર્થો કે વસ્તુઓ પૃથ્વી તરફ એટલે પડે છે, કારણ કે પૃથ્વી તેમને પોતાની તરફ ખેંચે છે. આ બળને **ગુરુત્વ બળ** (force of gravity), **ગુરુત્વાકર્ષી બળ** (gravitational force) અથવા માત્ર **ગુરુત્વ** (gravity) કહે છે. આ એક આકર્ષણ બળ છે. ગુરુત્વ બળ બધા જ પદાર્થો પર લાગે છે. ગુરુત્વ બળ આપણા બધા પર દરેક સમયે આપણી જાણકારી વગર લાગતું રહેતું હોય છે. જ્યારે, આપણે કોઈ નળ ખોલીએ છીએ ત્યારે પાણી જમીન તરફ વહેવા લાગે છે. ગુરુત્વ બળને કારણે જ નદીઓમાં પાણી નીચે તરફ વહે છે.

ગુરુત્વ એ માત્ર પૃથ્વીનો એકલાનો ગુણધર્મ નથી. હકીકતમાં વિશ્વનો દરેક પદાર્થ, નાનો હોય કે મોટો, એકબીજા પર બળ લગાડે છે. આ બળને **ગુરુત્વાકર્ષણ બળ** કહે છે.

## 8.8 દબાણ (Pressure)

શું દબાણ અને બળ વચ્ચે કોઈ સંબંધ છે ? ચાલો, આપણે શોધીએ.

કોઈ લાકડાના પાટિયામાં એક ખીલીને તેના શીર્ષથી ઠોકવાનો પ્રયત્ન કરો. શું તમે સફળ થાઓ છો ? હવે ખીલીને તેના અણીદાર છેડા પાસેથી ઠોકવાનો પ્રયત્ન કરો (આકૃતિ 8.12). શું તમે આ વખતે તેને ઠોકી શકો છો ? શાકભાજીને કોઈ બુઠ્ઠી છરી વડે કાપો અને ત્યારબાદ ધારદાર છરી વડે કાપો. કયું સરળ છે ?



*આકૃતિ 8.12 : લાકડાના પાટિયામાં ખીલી ઠોકવી*

શું, તમને એવું લાગે છે કે જે ક્ષેત્રફળ પર બળ લગાડવામાં આવે છે, (ઉદાહરણ તરીકે, ખીલીના અણીદાર છેડાથી) તે ક્ષેત્રફળ આ કાર્યોને સહેલું બનાવવામાં એક અગત્યની ભૂમિકા ભજવે છે ?

એકમ ક્ષેત્રફળ દીઠ લાગતા બળને **દબાણ** કહે છે.

$$\text{દબાણ}(P) = \frac{\text{બળ }(F)}{\text{જે સપાટી (પૃષ્ઠ) પર લાગતું હોય તેનું ક્ષેત્રફળ }(A)}$$

અહીં, આપણે માત્ર એ જ બળોનો વિચાર કરીએ છે જે આ પૃષ્ઠ (સપાટી)ને લંબ હોય, જેના પર લાગતા દબાણની ગણતરી કરવામાં આવે છે.



હવે, મને સમજાયું કે કુલીઓને જ્યારે, ભારે બોજ ઉપાડવાનો હોય છે. ત્યારે તેઓ પોતાના માથા પર એક કપડાને ગોળ વીંટાળીને કેમ રાખે છે (આકૃતિ 8.13). આમ કરીને તેઓ પોતાના માથા સાથે બોજના સંપર્ક ક્ષેત્રફળને વધારી દે છે. આથી, તેમના માથા પર લાગતું દબાણ ઘટી જાય છે અને તેઓ તે બોજને સરળતાથી ઉઠાવી શકે છે.



*આકૃતિ 8.13 : ભારે વજનને લઈ જતો કુલી*



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નોંધો, કે ઉપરના સૂત્રમાં ક્ષેત્રફળ છેદમાં છે. તેથી, જો બળ સમાન હોય તો પૃષ્ઠનું ક્ષેત્રફળ જેટલું ઓછું હોય, તેના પર લાગતું દબાણ એટલું જ વધારે હશે. ખીલીના અણીદાર ભાગનું ક્ષેત્રફળ એ તેના શીર્ષના ક્ષેત્રફળ કરતાં ઘણું ઓછું છે. તેથી તે બળ, ખીલીના અણીદાર ભાગને લાકડાના પાટિયામાં ઠોકવા માટે પૂરતું દબાણ ઉત્પન્ન કરે છે.


શું હવે, તમે સમજાવી શકો કે ખભા પર લટકાવવા માટેનાં થેલામાં પહોળી પટ્ટી કેમ લગાડવામાં આવે છે અને પાતળી પટ્ટી કેમ લગાવવામાં આવતી નથી? તથા કાપવા તથા કાણાં પાડવા માટેના ઓજારોની ધાર હંમેશાં તીક્ષ્ણ શા માટે હોય છે ?

શું, પ્રવાહીઓ અને વાયુઓ દ્વારા પણ દબાણ લાગે છે ? શું, એ જે ક્ષેત્રફળ પર બળ લાગતું હોય તેના પર આધાર રાખે છે ? ચાલો, આપણે શોધીએ.

## 8.9 પ્રવાહીઓ તથા વાયુઓ દ્વારા લગાડવામાં આવતું દબાણ (Pressure Exerted by Liquids and Gases)

### પ્રવૃત્તિ 8.8

પારદર્શક કાચની એક નળી અથવા પ્લાસ્ટિકનો પાઈપ લો. પાઈપ/નળીની લંબાઈ લગભગ 15 સેમી તથા તેનો વ્યાસ લગભગ 5 થી 7.5 સેમી હોવો જોઈએ. એક સારી ગુણવત્તાવાળા પાતળા રબરનો ટુકડો પણ લો. તમે રબરનો ફુગ્ગો પણ લઈ શકો છો. પાઈપના એક છેડા પર રબરની શીટને ખેંચીને બાંધી દો. પાઈપને શિરોલંબ રાખીને તેને મધ્ય ભાગથી પકડો. આકૃતિ (8.14) માં દર્શાવ્યા મુજબ તમારા કોઈ એક મિત્રને પાઈપમાં પાણી રેડવાનું કહો. શું, રબરનું પડ બહારની બાજુ ઊપસે છે ? પાઈપમાં પાણીના સ્તંભની ઊંચાઈનું પણ અવલોકન કરો. પાઈપમાં થોડું વધારે પાણી રેડો. રબરના પડના ઊપસેલા ભાગનું તથા પાઈપમાં પાણીના સ્તંભની ઊંચાઈનું ફરીથી અવલોકન કરો. આ પ્રક્રિયાનું થોડી વધારે વખત પુનરાવર્તન કરો. શું, તમે રબરના પડના ઊપસેલા ભાગ અને પાઈપમાં પાણીની ઊંચાઈના સ્તંભ વચ્ચે કોઈ સંબંધ જોઈ શકો છો ?



***આકૃતિ 8.14 :*** *પાત્રના તળિયે પાણીને કારણે લાગતું દબાણ સ્તંભની ઊંચાઈ પર આધાર રાખે છે.*

### પ્રવૃત્તિ 8.9

પ્લાસ્ટિકની એક બૉટલ લો. તમે પાણી કે સોફ્ટ ડ્રીંકની વપરાયેલી કોઈ બૉટલ લઈ શકો છો. આકૃતિ 8.15માં દર્શાવ્યા પ્રમાણે બૉટલના તળિયા પાસે થોડા સેમી લાંબી એક નળાકાર નળી (ટ્યૂબ) લગાડો. એવું કરવા માટે કાચની ટ્યૂબના એક છેડાને થોડો ગરમ કરો અને પછી તરત જ બૉટલના તળિયાની પાસે તેને દાખલ કરો. જોડાણ (સાંધા) પાસે પાણી લીક થતું નથી તેનું ધ્યાન રાખો. જો પાણી લીક થતું હોય તો તેને પીગળાવેલાં મીણથી સીલ કરો. કાચની નળીના મુખને પ્રવૃત્તિ 8.8 અનુસાર એક પાતળી રબર શીટ વડે બંધ કરો. હવે બૉટલને પાણીથી અડધી ભરો. તમે શું અવલોકન કરો છો ? આ સમયે કાચની



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નળીના મોઢા પર લગાડેલી રબરની શીટ કેમ ફૂલી જાય છે ? બૉટલમાં થોડું વધારે પાણી રેડો. શું રબરની શીટના ઊપસેલા ભાગમાં કોઈ ફેરફાર થાય છે ?



***આકૃતિ 8.15 :*** *પ્રવાહી પાત્રની દીવાલો પર દબાણ લગાડે છે.*

નોંધો, કે રબરની શીટને પાત્રના (બૉટલના) તળિયે નહિ પરંતુ, બાજુમાં (દીવાલમાં) લગાડવામાં આવે છે. શું આ કિસ્સામાં રબરની શીટનું ફૂલવાનું દર્શાવે છે કે પાણી પાત્રની દીવાલો પર પણ દબાણ લગાડે છે ? ચાલો, તેની વધારે તપાસ કરીએ.

## પ્રવૃત્તિ 8.10

પ્લાસ્ટિકની એક ખાલી બૉટલ અથવા એક નળાકાર પાત્ર લો. તમે વપરાયેલો ડબ્બો કે પ્લાસ્ટિકની વપરાયેલી બૉટલનો ઉપયોગ કરી શકો છો. બૉટલના તળિયા પાસે ચારેય દિશામાં છિદ્ર કરો. ધ્યાન રાખો કે આ છિદ્રો તળિયાથી સમાન ઊંચાઈ પર હોય (આકૃતિ 8.16). હવે બૉટલને પાણીથી ભરો. તમે શું અવલોકન કરો છો ?

શું છિદ્રોમાંથી નીકળતા પાણીના જુદા-જુદા પ્રવાહો બૉટલથી સમાન અંતરે પડે છે ? આ શું દર્શાવે છે ?



***આકૃતિ 8.16 :*** *પ્રવાહી સમાન ઊંડાઈએ સમાન દબાણ લગાડે છે.*

હવે તમે કહી શકો કે, **પ્રવાહી પાત્રની દીવાલ પર દબાણ લગાડે છે ?**

શું વાયુઓ પણ દબાણ લગાડે છે ? શું તેઓ પણ જે પાત્રમાં ભર્યા હોય તેની દીવાલો પર દબાણ લગાડે છે ? ચાલો, આપણે શોધીએ.



પાણી (પુરવઠો) પૂરું પાડતી પાઈપોના લીક થતાં જોડાણો કે છિદ્રોમાંથી મેં પાણીના ફુવારાઓ બહાર આવતા જોયા છે. શું તે પાણી દ્વારા પાઈપની દીવાલો પર લગાડવામાં આવતા દબાણને કારણે નથી ?

જ્યારે તમે કોઈ ફુગ્ગાને ફુલાવો છો તો તેના મોંને કેમ બંધ કરવું પડે છે ? જો તમે ફુલાવેલા ફુગ્ગાના મોંને ખોલી દો છો તો શું થાય છે ? માની લો, કે તમારી પાસે એક એવો ફુગ્ગો છે જેમાં કાણાં (છિદ્રો) છે. શું તમે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


તેને ફુલાવી શકશો ? જો નહિ, તો કેમ ? શું આપણે કહી શકીએ છીએ કે હવા બધી દિશાઓમાં બળ લગાડે છે ?

યાદ કરો, કે જો સાઈકલની ટ્યૂબમાં પંક્ચર પડે તો તેની અંદરની હવાનું શું થાય છે ? શું આ અવલોકનો સૂચવે છે, કે હવા કોઈ ફુલાવેલા ફુગ્ગા કે સાઈકલની ટ્યૂબની અંદરની દીવાલો (સપાટી) પર દબાણ લગાડે છે ? આમ, આપણે જોયું કે **વાયુઓ પણ જે પાત્રમાં ભર્યા હોય તેની દીવાલો પર દબાણ લગાડે છે.**

## 8.10 વાતાવરણનું દબાણ (Atmospheric Pressure)

8SDD2R

આપણે જાણીએ છીએ કે, આપણી આસપાસ હવા છે. હવાના આ આવરણને **વાતાવરણ** કહે છે. વાતાવરણની હવા એ પૃથ્વીની સપાટીથી ઉપર ઘણા વધારે કિલોમીટર સુધી ફેલાયેલી હોય છે. આ હવા વડે લાગતા દબાણને **વાતાવરણીય દબાણ** કહે છે. આપણે જાણીએ છીએ કે એકમ ક્ષેત્રફળ દીઠ લાગતા બળને દબાણ કહે છે. જો આપણે એકમ ક્ષેત્રફળની કલ્પના કરીએ, અને તેના પર એક હવાથી ભરેલો લાંબો નળાકાર ઊભેલો વિચારીએ, તો આ નળાકારમાં હવાનું વજન એ વાતાવરણના દબાણ જેટલું હશે (આકૃતિ 8.17).




***આકૃતિ 8.17 :*** *એકમ ક્ષેત્રફળના હવાના સ્તંભના વજનને વાતાવરણનું દબાણ કહે છે.*

પરંતુ, વાતાવરણનું દબાણ કેટલું વધારે કે ઓછું હોય છે ? ચાલો, આપણે તેના મૂલ્ય વિશે ખ્યાલ મેળવીએ.

### પ્રવૃત્તિ 8.11

એક સારી ગુણવત્તાવાળા રબરનું એક ચૂસક (sucker) લો. તે એક રબરના નાના કપ જેવો દેખાય છે (આકૃતિ 8.18). તેને કોઈ લીસી સમતલ સપાટી પર જોરથી દબાવો. શું તે સપાટી સાથે ચોંટી જાય છે ? તેને ખેંચીને સપાટીથી ઉખેડવાનો પ્રયત્ન કરો. શું તમે આ કરી શકો છો ?



***આકૃતિ 8.18 :*** *સપાટી પર દબાવેલું રબરનું ચૂસક*

જ્યારે તમે ચૂસકને દબાવો છો ત્યારે કપ તથા સપાટી વચ્ચેની મોટાભાગની હવા બહાર નીકળી જાય છે. ચૂસક પર વાતાવરણનું દબાણ લાગવાના કારણે તે સપાટી સાથે ચોંટી જાય છે. ચૂસકને સપાટીથી ખેંચીને અલગ કરવા લાગુ પાડેલ બળ એટલું વધુ હોવું જોઈએ, જેથી તે વાતાવરણના દબાણને દૂર કરી શકે. આ પ્રવૃત્તિથી કદાચ તમને વાતાવરણના દબાણના મૂલ્ય વિશે ખ્યાલ આવી ગયો હશે. વાસ્તવમાં, જો ચૂસક તથા સપાટી વચ્ચેથી બધી જ હવાને બહાર કાઢી નાખવામાં આવે તો કોઈ પણ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મનુષ્ય માટે ચૂસકને સપાટીથી ખેંચી અલગ કરવાનું શક્ય નહિ બને. શું આ પરથી તમને ખ્યાલ આવે છે કે વાતાવરણનું દબાણ કેટલું વધારે હોય છે ?



જો મારા માથાનું ક્ષેત્રફળ 15 cm x 15 cm હોય તો મારા માથા પર હવા કેટલું બળ લગાવશે ?


એક 15 cm x 15 cm ક્ષેત્રફળ અને વાતાવરણની ઊંચાઈ(આકૃતિ 8.19) જેટલા સ્તંભમાં હવાનું દબાણ લગભગ 225 kg (2250N) દળના કોઈ પદાર્થ પર લાગતા ગુરુત્વાકર્ષણબળ જેટલું હોય છે. આ ગુરુત્વાકર્ષણબળની નીચે આપણે દબાઈને કચડાઈ જતા નથી એનું કારણ એ છે કે આપણા શરીરની અંદરનું દબાણ પણ વાતાવરણના દબાણ જેટલું જ હોય છે અને તે બહારના દબાણને સમતોલિત કરી દે છે.



**આકૃતિ 8.19 :** તમારા માથા પર વાતાવરણનું દબાણ

## શું તમે જાણતા હતા ?

17 મી સદીમાં જર્મનીના એક વૈજ્ઞાનિક ઓટો વોન ગેરિકે પાત્રોમાંથી હવા બહાર કાઢવા માટેના એક પંપનો આવિષ્કાર કર્યો. આ પંપની મદદથી તેણે હવાના દબાણને લીધે લાગતા બળનું નાટકીય રીતે નિદર્શન કર્યું. તેણે ધાતુના બે પોલા અર્ધગોળાઓ લીધા. જેમાં દરેકનો વ્યાસ 51 cm હતો. આ અર્ધગોળાઓને એકસાથે જોડીને તેમના વચ્ચેની હવા કાઢી લેવામાં આવી. પછી, તેણે બંને અર્ધગોળાને એકબીજાની વિરુદ્ધ દિશામાં ખેંચી અલગ કરવા માટે આઠ-આઠ ઘોડાઓનો ઉપયોગ કર્યો (આકૃતિ 8.20). હવાના દબાણને કારણે લાગતું બળ એટલું બધું મોટું હતું કે આ અર્ધગોળાઓને અલગ ન કરી શકાયા.



***આકૃતિ 8.20 :** અર્ધગોળાઓને ખેંચતા ઘોડાઓ*



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પારિભાષિક શબ્દો

- વાતાવરણનું દબાણ (Atmospheric Pressure)
- સંપર્ક બળ (Contanct Force)
- સ્થિત વિદ્યુત બળ (Electrostatic Force)
- બળ (Force)
- ઘર્ષણ (Friction)
- ગુરુત્વાકર્ષણ બળ (Gravitational Force)
- ગુરુત્વ (Gravity)
- ચુંબકીય બળ (Magnetic Force)
- સ્નાયુ બળ (Mascular Force)
- અસંપર્ક (બિનસંપર્ક) બળ (Non-contact Force)
- દબાણ (Pressure)
- ખેંચવું (Pull)
- ધક્કો (Push)

## તમે શું શીખ્યાં ?

- બળ એ ધક્કો કે ખેંચાણ હોઈ શકે.
- બળ બે પદાર્થો વચ્ચે થતી આંતરક્રિયાને કારણે ઉદ્ભવે છે.
- બળને મૂલ્ય ઉપરાંત દિશા હોય છે.
- પદાર્થની ઝડપ બદલાય કે તેની ગતિની દિશા બદલાય કે બંને બદલાય ત્યારે તેની ગતિની અવસ્થા બદલાય છે.
- પદાર્થ પર બળ લાગવાને કારણે તેની ગતિની અવસ્થા બદલાય છે કે તેનો આકાર બદલાય છે.
- પદાર્થ પર સંપર્કમાં આવીને કે સંપર્કમાં આવ્યા વગર બળ લાગી શકે.
- એકમ ક્ષેત્રફળ દીઠ લાગતા બળને દબાણ કહે છે.
- પ્રવાહીઓ અને વાયુઓ તેમના પાત્રની દીવાલો પર દબાણ લગાડે છે.
- આપણી આસપાસ રહેલી હવા વડે લાગતા દબાણને વાતાવરણનું દબાણ કહે છે.

## સ્વાધ્યાય

1. એવી પરિસ્થિતિઓના બે ઉદાહરણ આપો કે જેમાં, તમે ધક્કો મારીને કે ખેંચીને પદાર્થોની ગતિની અવસ્થા બદલો છો.
2. એવી પરિસ્થિતિઓના બે ઉદાહરણ આપો કે, જેમાં લાગુ પાડેલાં બળના કારણે પદાર્થનો આકાર બદલાય છે.
3. નીચેના વાક્યોમાં ખાલી જગ્યા પૂરો :
   (a) કૂવામાંથી પાણી ખેંચવા માટે આપણે દોરડાં પર ______________ લગાડવું પડે છે.
   (b) એક વિદ્યુતભારિત પદાર્થ વિદ્યુતભાર રહિત પદાર્થને પોતાની તરફ __________ છે.
   (c) સામાન ભરેલી ટ્રોલીને ગતિ કરાવવા માટે આપણે તેને ______________ પડે.
   (d) એક ચુંબકનો ઉત્તર ધ્રુવ બીજા ચુંબકના ઉત્તર ધ્રુવને ______________ છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4. એક તીરંદાજ લક્ષ્ય તરફ નિશાન તાકવા માટે પોતાના ધનુષ્યની પણછને ખેંચે છે, પછી તે બાણ છોડે છે, જે લક્ષ્ય તરફ ગતિ શરૂ કરે છે. આ માહિતીને આધારે નીચેના શબ્દોનો ઉપયોગ કરીને નીચેના વિધાનોમાં ખાલી જગ્યા પૂરો :

(સ્નાયુ, સંપર્ક, બિનસંપર્ક, ગુરુત્વ, ઘર્ષણ, આકાર, આકર્ષણ)

(a) ધનુષ્યને ખેંચવા માટે તીરંદાજ બળ લગાડે છે જેના કારણે તેના ______________માં ફેરફાર થાય છે.

(b) ધનુષ્યને ખેંચવા માટે તીરંદાજ વડે લાગુ પાડેલ બળ એ ______________ બળનું ઉદાહરણ છે.

(c) બાણની ગતિની અવસ્થા બદલવા માટે જવાબદાર બળનો પ્રકાર, એ ______________ બળનું ઉદાહરણ છે.

(d) જ્યારે, બાણ લક્ષ્ય તરફ ગતિ કરતું હોય ત્યારે તેના પર લાગતા બળો ______________ ને કારણે અને હવાના ______________ ને કારણે હોય છે.

5. નીચેની પરિસ્થિતિઓમાં બળ લગાડનાર તથા જે વસ્તુ પર બળ લાગી રહ્યું હોય, તેને ઓળખો. દરેક પરિસ્થિતિમાં જે પ્રકારે બળની અસર દેખાય છે તે પણ બતાવો :

(a) રસ કાઢવા માટે લીંબુના ટુકડાઓને આંગળીઓ વડે દબાવવા.

(b) ટૂથપેસ્ટની ટ્યૂબમાંથી પેસ્ટ કાઢવી.

(c) દીવાલમાં જડેલા એક હૂકથી લટકાવેલ સ્પ્રિંગના બીજા છેડે લટકાવેલું વજન.

(d) ઊંચો કૂદકો લગાવતી વખતે એક ખેલાડી દ્વારા એક નિશ્ચિત ઊંચાઈનો સળિયો (અવરોધ) પાર કરવો.

6. એક ઓજાર બનાવતી વખતે કોઈ લુહાર લોખંડના ગરમ ટુકડાને હથોડો મારે છે, હથોડો મારવાને કારણે લાગતું બળ લોખંડના ટુકડાને કઈ રીતે અસર કરે છે ?

7. એક ફુલાવેલા ફુગ્ગાને સિન્થેટીક કાપડના એક ટુકડા વડે ઘસીને એક દીવાલ પર દબાવવામાં આવ્યો. એવું જોવા મળ્યું કે ફુગ્ગો દીવાલ સાથે ચોંટી જાય છે. દીવાલ અને ફુગ્ગા વચ્ચે થતા આકર્ષણ માટે કયું બળ જવાબદાર હશે ?

8. તમે તમારા હાથમાં પાણીથી ભરેલી એક પ્લાસ્ટિકની ડોલ જમીનથી ઉપર પકડી રાખેલી છે. ડોલ પર લાગતા બળોના નામ જણાવો. ડોલ પર લાગતા બળોને કારણે તેની ગતિની અવસ્થામાં કેમ ફેરફાર થતો નથી તેની ચર્ચા કરો.

9. કોઈ ઉપગ્રહને તેની કક્ષામાં તરતો મૂકવા માટે એક રોકેટને ઉપર તરફ પ્રક્ષેપિત કરવામાં આવ્યું. પ્રક્ષેપણ સ્થાન (લોન્ચ પેડ) પરથી છોડવાના તરત જ બાદ રોકેટ પર લાગતા બે બળોના નામ જણાવો.

10. જ્યારે પાણીમાં ડૂબાડેલી નોઝલવાળા ડ્રૉપરના ફુલેલા ભાગને દબાવવામાં આવે છે ત્યારે ડ્રૉપરમાં રહેલી હવા પરપોટા રૂપે બહાર નીકળતી જોવા મળે છે. જ્યારે ફુલેલાં ભાગ પરથી લગાડેલું દબાણ દૂર કરવામાં આવે છે ત્યારે ડ્રૉપરમાં પાણી ભરાય છે. ડ્રૉપરમાં પાણી ચઢવાનું કારણ ................. છે.

(a) પાણીનું દબાણ

(b) પૃથ્વીનું ગુરુત્વ

(c) રબરના બલ્બનો આકાર

(d) વાતાવરણીય દબાણ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિસ્તૃત અભ્યાસ માટેની પ્રવૃત્તિઓ અને પ્રૉજેક્ટસ

1. સૂકી રેતીનો લગભગ 10 cm જાડાઈનો તથા 50 cm x 50 cm ક્ષેત્રફળવાળો એક ક્યારો બનાવો. નિશ્ચિત કરો, કે તેની ઉપરની સપાટી સમતલ રહે. લાકડાનું કે પ્લાસ્ટિકનું એક ટેબલ લો. આલેખપત્ર (ગ્રાફ પેપર)ની 1 cm જાડાઈની બે પટ્ટીઓ કાપો. ટેબલના કોઈપણ પાયા પર એક પટ્ટીને તેના તળિયે અને બીજી પટ્ટીને ઉપરની બાજુ ચોંટાડો. હવે ટેબલને ધીમેથી રેતના ક્યારા પર એવી રીતે મૂકો કે તેના પાયાઓ રેત પર રહે. જો જરૂર હોય તો રેતના ક્યારાનું કદ વધારી દો. હવે ટેબલની સીટ પર એક વજન, જેમ કે ચોપડીઓથી ભરેલી બૅગ મૂકો. આલેખપત્રની પટ્ટી પર રેતીનાં સ્તરનું નિશાન બનાવો. આના પરથી તમને એ ખબર પડશે કે ટેબલનો પાયો રેતીમાં કેટલી ઊંડાઈ સુધી ખૂંપેલો (ડૂબેલો) છે. હવે ટેબલને ઉલટાવી દો, જેથી તેની સીટ રેતનાં ક્યારા પર રહે. ટેબલ હવે કેટલી ઊંડાઈ સુધી ખૂંપે (ડૂબે) છે તે નોંધો. હવે, ફરીથી એટલાં જ વજનને ટેબલ પર રાખો જે તમે પહેલી વાર રાખ્યો હતો. નોંધો કે ટેબલ કેટલી ઊંડાઈ સુધી રેતીમાં ખૂંપે છે. બંને પરિસ્થિતિઓમાં ટેબલ દ્વારા લાગતા દબાણની સરખામણી કરો.
2. એક કાચનો પ્યાલો (ગ્લાસ) લો, અને તેને પાણીથી ભરો. હવે ગ્લાસના મોંઢાને પોસ્ટકાર્ડ જેવા એક જાડા કાર્ડથી ઢાંકો. એક હાથથી ગ્લાસને પકડો અને બીજા હાથથી કાર્ડને તેના મોઢા પર દબાવીને રાખો. કાર્ડને હાથથી દબાવી રાખીને ગ્લાસને ઉલટાવો, નિશ્ચિત કરો કે ગ્લાસ ઉર્ધ્વ રહે. કાર્ડ ઉપર રાખેલા હાથને ધીરેથી હટાવો. તમે શું અવલોકન કરો છો ? શું કાર્ડ નીચે પડે છે અને પાણી ઢોળાઈ જાય છે ? થોડી પ્રૅક્ટિસ પછી તમે જોશો કે કાર્ડને ટેકો આપેલા હાથ હટાવી દીધા પછી પણ કાર્ડ પડતું નથી અને તે પાણીને ગ્લાસમાં રોકી રાખે છે. આ પ્રવૃત્તિને કાર્ડના સ્થાને કાપડનો ટુકડો લઈને કરવાનો પ્રયત્ન કરો.






*આકૃતિ : 8.21*



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3. જુદા - જુદા કદ અને આકારની 4થી 5 પ્લાસ્ટિકની બૉટલો લો. આકૃતિ 8.22માં દર્શાવ્યા પ્રમાણે તેમને કાચ અથવા રબરની ટ્યૂબના નાના ટુકડાઓ વડે જોડો. આ વ્યવસ્થા(ગોઠવણ)ને એક સમતલ સપાટી પર રાખો. હવે કોઈપણ એક બૉટલમાં પાણી રેડો. જુઓ કે જે બૉટલમાં પાણી રેડ્યું હતું તે પહેલી ભરાય છે કે બધી જ બૉટલો એકસાથે ભરાય છે. બધી બૉટલોમાં પાણીના સ્તરને થોડા થોડા સમયે નોંધો. તમારા અવલોકનોને સમજાવવાનો પ્રયત્ન કરો.



*આકૃતિ : 8.22*



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in